વાત ગાંધીનગરની

શહેરમાં ત્રણ દિવસની સરકારી રજા એટલે કે મીની વેકેશન બાદ મંગળવારથી થોડો ધમધમાટ અનુભવાયો.

હવે કેબિનેટ બપોરે બે વાગ્યે

રામમંદિરના શિલાન્યાસના જીવંત પ્રસારણને નિહાળવા તથા પ્રધાનમંત્રીના દેશને સંબોધનને સાંભળવાના હેતુસર દર બુધવારે સવારે ૧૦ વાગે મળતી કેબિનેટની બેઠક હવે, બપોરે ૨ વાગ્યે મળશે. જ્યારે સચિવઓની બેઠક રદ કરાઈ છે.

સચિવાલયમાં સંક્રમિતોની સંખ્યા બત્રીસે પહોંચી

કોરોના સચિવાલયમાં પણ બેરોકટોક પહોંચ્યો છે. છેલ્લા ૨ મહિનામાં એટલે કે અનલોક-૧ થી આજ સુધી ૩૨ કર્મચારીઓ-અધિકારીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. એટલુ જ નહિ કૃષિ વિભાગના સેક્શન અધિકારી જી.એસ. ડામોરનું કોરોનાથી નિધન પણ થયુ છે. આમ કાતિલ કોરોના કયા વિભાગમાં કઈ બ્રાન્ચમાં ક્યારે પહોંચી જાય છે એની કોઈને ખબર હોતી નથી. એટલે જ સચિવાલયમાં સચિવાલય કાર્યરત છે પણ ભારે ફફડાટ સાથે કાર્યરત છે.

૭ મીએ નવી-નવી જાહેરાતો થવાની સંભાવના

રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના મંત્રીમંડળને આગામી ૭મી ઓગષ્ટે ચાર વર્ષ પુરા થઈ રહ્યા છે અને પાંચમાં વર્ષમાં પ્રવેશ કરે છે. આ મંગળ પ્રસંગે ખેડૂતો માટે મોટીમસ યોજના ઘડાઈ રહી છે. શિક્ષણ અને પ્રવાસન વિભાગો પણ આવી જ કંઈક કવાયત કરી રહ્યા છે. બેરોજગારો માટે, શ્રમિકો માટે અને મહિલાઓ માટે કેટલીક નોંધનીય કલ્યાણકારી યોજનાઓની જાહેરાત ૭ મીએ થવાની પુરેપુરી સંભાવના છે.

મનપાનુ મહાભારત અટકશે ખરૂ..?!

ગાંધીનગર મહાનગર પાલિકામાં ચાલતી વર્ચસ્વની લડાઈ મહાભારતને પણ ભુલાવે તેવી છે. કોણ કયો દાવ ક્યારે ખેલશે તેની ધારણા કરવા માટે પણ રાજકીય પંડિતો ગોથા ખાય છે. અહીં વિકાસ અને કલ્યાણના માટે જાતજાતના સમીકરણો ગોઠવાય છે. એક જૂથ બીજા જૂથને પાડે છે તો બીજુ જુથ પહેલાં જુથને ખોટા ચીતરવા મથે છે આમ સામસામી આરોપનામાની ચાલ હજુ અટકતી નથી. મુખ્યમંત્રી અને પ્રભારી મંત્રી કે તત્કાલીન પ્રદેશ પ્રમુખ બધાએ ઘણા બધા પ્રયાસો કર્યા પણ 'શેઠની શિખામણ ઝાંપા સુધી'ની જેમ એકાદ-બે મીટીંગ સરખુ ચાલે અને પાછુ ઢીસુમ ઢીસુમ..! આમાં ક્યાંય ગાંધીનગર નથી... ક્યાંય પ્રજા નથી... ક્યાંય વિકાસ નથી અને છતાંય બધું જ છે બધા માટે..!!

રક્ષાબંધનની સાર્થક ઉજવણી

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ એક આગવા અભિગમ સાથે જવાબદારી સંભાળે છે એ સહજ રીતે પ્રતીત થાય છે. રક્ષાબંધન પર્વે શહેરના કોરોના વોરીયર્સોને રાખડી બાંધી રક્ષાની શુભકામનાઓ પાઠવી. એમનું સન્માન કર્યુ. જે જે કોરોના વોરીયર્સે આ કપરાકાળમાં જીવના જોખમે પોતાનું કર્તવ્ય અદા કર્યુ છે તેનુ માન-સન્માન અપાય તે તંદુરસ્ત સમાજ માટે ખુબજ આવશ્યક છે અને એ સમાજ જ ગતિ કરી શકે. એ ન્યાયે ગાંધીનગરના મેયરે સમયોચિત્ત સન્માન કરી ગાંધીનગરના જનજીવનને ગૌરવ અપાવ્યુ છે.

'અર્ક' આજનો...

વખાણે મલકવું નહીં ને નીંદાએ ડરવું નહીં. બન્ને આત્મચિંતનની પળ છે, એ ભુલવું નહીં.

વાદળોની આવન-જાવન - ગાંધીનગર શહેરના ગગનમાં વાદળોની દોડધામ વધુ રહી પણ કોઈ વરસ્યા નહિ... અસહ્ય બફારાની વચ્ચે દિવસ પસાર થયો... પણ મેઘરાજા જાણે હાથતાળી આપીને જતા રહેતા હોય એવા દેશ્યો દિવસભર સર્જાયા હતા... વાદળો આવે ત્યારે વરસાદની આશા બંધાય... અને જાય ત્યારે નિરાશા વર્તાય... હવે તો ગાંધીનગર પર વરસો....

જિલ્લામાં ૫ થી ૯ ઓગષ્ટ દરમ્યાન વરસાદ હળવો કે મધ્યમથી ભારે થશે

તાપમાન ૩૫-૩૭ ડિગ્રી સે. રહેશે : ખેડૂતોને દિવેલાની વાવણી માટે પણ સલાહ

ગાંધીનગર, તા. ૪

૫ ઓગષ્ટથી ૯ ઓગષ્ટ દરમ્યાન જિલ્લામાં હળવાથી મધ્યમ અને મધ્યમથી ભારે વરસાદ થવાની શક્યતાના સંકેતો હવામાન પૂર્વાનુમાન અને કૃષિ વિષયક સલાહ બુલેટીનના અંક નં. ૩૬ માં આપવામાં આવ્યા છે.

દાંતીવાડા કૃષિ યુનિ. દ્વારા જારી કરવામાં આવતા આ બુલેટીનમાં ૫ થી ૯ ઓગષ્ટ જિલ્લામાં વરસાદી દિવસો હોવાનું જણાવાયું છે.

આ બુલેટીનમાં જણાવાયા મુજબ આગામી પાંચ દિવસમાં આકાશ મોટે ભાગે વાદળછાયુ રહેશે. મધ્યમથી ભારે વરસાદ પડવાની સંભાવના પણ આ બુલેટીનમાં વ્યક્ત કરવામાં આવી છે.

મહત્તમ તાપમાન ૩૫ થી ૩૭ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૫ થી ૨૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૪૦ થી ૮૮ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૩ થી ૧૫ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

ખેડૂતોને સલાહ આપતાં આ બુલેટીનમાં જણાવવામાં આવ્યું છે કે વરસાદ પડવાની સંભાવના હોવાથી વાવેતર કરેલ પાકોમાં પિયત અને દવાનો છંટકાવ કરવો નહિ.

દિવેલાના વાવેતરમાં વાવણીમાં નવી બહાર પડેલી વધુ ઉત્પાદન આપતી હાઈબ્રીડ જાત જેવી કે જીએયુસી એચ-૨, જીસીએચ-૫-૬-૭ કે ૮ માંથી કોઈ એકની પસંદગી કરી મેળવી લેવી.

ઉભડી મગફળી અને દિવેલા અથવા તુવેરને ૩.૧ના પ્રમાણમાં આંતર પાક તરીકે લેવાથી એકલા મગફળીના પાક કરતાં વધુ વળતર મળે છે.

ગ્રામ્ય વિસ્તારમાં નવા ૨૦ કેસ નોંધાયા

છેલ્લા ૨૪ કલાકમાં ૪ દર્દીના મોત : આજે નોંધાયેલા કેસોમાં ટોરેન્ટ પાવરનો કર્મયોગી, ગિફ્ટસીટીનો કર્મચારી, વટવાની પ્રા.શાળાના આચાર્ય પણ કોરોનાની ઝપટમાં : ગાંધીનગર તાલુકામાં ૧૧, માણસામાં ૩ અને કલોલમાં ૬ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૨૦ કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે. આજે સાંજે પુરા થતા ચોવીસ કલાકમાં સારવાર દરમ્યાન ગ્રામ્ય વિસ્તારના ૪ દર્દીઓના મોત થતાં સમગ્ર જિલ્લામાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં જે ૪ દર્દીના મોત નોંધાયા છે તેમાં કલોલના ૩ દર્દી અને માણસાના એક દર્દીનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા મૃત્યુઆંકને લઈ તંત્રએ પણ મૌન સેવી લીધુ છે. જે ચાર દર્દીના મોત થયા છે તેમાં એક મહિલા દર્દી અને ૩ પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

માણસાના જામળા ગામના ૭૦ વર્ષના વૃદ્ધને ગઈકાલે સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા અને આજે બપોરે તેમણે છેલ્લા શ્વાસ લીધા હતા. જિલ્લામાં આ ચાર દર્દીઓના મોત સાથે મૃત્યુઆંક ૮૧ પર પહોંચ્યો છે. તંત્રએ મોતની સંખ્યાને લઈ જે ચૂપકીદી સેવી રહ્યુ છે તેથી લોકોમાં ભય વધતો જાય છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે જે ૨૦ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગરમાં ૧૧, માણસામાં ૩ અને કલોલમાં ૬ કેસનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકામાં વાવોલ, લવારપુર, પ્રાંતિયા, કોલવડા, ભાટ, કોબા, કુડાસણ, રાયસણ અને પેથાપુરમાંથી કેસો મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે વાવોલમાંથી એક ૬૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત લવારપુરમાંથી એક ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગરને અડીને આવેલ કોલવડા ગામમાં થોડાક વિરામ બાદ કોરોનાએ ફરી માથુ ઉંચક્યુ છે. કોલવડામાંથી આજે એક ૩૪ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જે ટોરેન્ટ પાવરનો કર્મયોગી હોવાનું જાણવા મળેલ છે.

ભાટમાંથી એક ૪૨ વર્ષીય પુરૂષ જે યુ.એન. મહેતા હોસ્પિટલમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ સારંગપુરની પણ મુલાકાત લીધી હોવાનું જાણવા મળેલ છે.

કુડાસણ જે હોટસ્પોટ બની ચુકેલ છે ત્યાંથી આજે એક ૨૯ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવતી ગાંધીનગર નજીક વિકાસ પામી રહેલ ગિફ્ટસીટીમાં નોકરી કરતી હોવાનું જાણવા મળેલ છે.

રાયસણ ગામેથી પણ આજે એક ૪૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં વધુ ૮ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૮ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૫૨૧ પર પહોંચી છે.

પશુ ચિકિત્સક, પ્રાયવેટ કોન્ટ્રાક્ટર, ટી.સી.એચ.નો કર્મચારી, ટ્રાવેલ એજન્સી તેમજ સ્ટાફ બ્રધર કોરોનાની ઝપટમાં : સે. ૭, ૨૩, ૧૨, ૨૪, ૪, ૬ અને ૧૭ માંથી કેસો મળી આવ્યા

શહેરમાં છેલ્લા ત્રણેક દિવસથી કોરોનાના કેસોની સંખ્યા ૧૦ થી નીચે રહેતાં તંત્રની થોડીક રાહત થઈ છે પણ વધતા જતા કેસોએ તંત્રની ચિંતા જરૂર વધારી છે. રિકવરી રેટ સારો હોવાથી પણ થોડીક રાહત છે.

આજે નોંધાયેલા કેસોમાં હોટલ હવેલીનો સર્વન્ટ, પશુ ચિકિત્સક, સ્ટાફ બ્રધર, ટ્રાવેલ એજન્સીનો ધંધો કરતો યુવક, પ્રાઈવેટ કોન્ટ્રાક્ટર તેમજ ટી.સી.એસ.નો કર્મચારી હોવાનું જાણવા મળેલ છે.

આજે સે. ૭, સે. ૨૩, સે. ૧૨, સે. ૨૪, સે. ૪, સે. ૬ અને સે. ૧૭ માંથી આ કેસો મળી આવ્યા છે. નવા સેક્ટરો ઉપરાંત સે. ૧૭ અને સે. ૨૪ માંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૭ માં રહેતા અને હોટલ હવેલીમાં સર્વન્ટ તરીકે નોકરી કરતા એક ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૨૦ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

પશુ ચિકિત્સક તરીકે માણસામાં સેવા આપતા અને સે. ૨૩ માં રહેતા એક ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ પશુ ચિકિત્સકને સારવાર

● અનુસંધાન પાન-૭ પર

શહેરના જુના સેકટરોના ઉબડ ખાબડ માર્ગોની સુધારણા હાથ ધરવા માંગ

સેકટરોના આંતરિક માર્ગોના સુધારણાની દરખાસ્ત હજુ અધ્ધરતાલ : વરસાદી દિવસો બાદ સર્વેના અંતે માર્ગોનુ કામ હાથ ધરવા સેકટરવાસીઓની રજુઆત

ગાંધીનગર તા ૪

શહેરના સેકટરામાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હજુ સુધી પુર્ણ કરાયુ નથી. જુના સેકટરોના આંતરિક માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. જયારે વરસાદી દિવસોમાં આ માર્ગોનુ ધોવાણ પણ થયુ છે. નગરના મુખ્યમાર્ગોની સાથે સેકટરોના આંતરિક માગોની સુધારણાનુ કામ હાથ ધરવા માટે પણ સેકટરવાસીઓ માગણી કરી રહ્યા છે.

શહેરના જુના સેકટરોમાં માર્ગોની દશા બેઠી છે. શહેરના જુના સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરાઈ નથી જેમાં ખાસ કરીને સે-૨૪ થી ૩૦ માં કેટલાક માર્ગો તદન બિસ્માર બન્યા છે. માર્ગોના સાઈડ સોલ્ડર પણ તુટી ગયા છે. જેના લીધે વાહનચાલકોએ પણ પારાવાર હાલાકી વેઠવી પડે છે. જુના સેકટરોની સુધારણા માટે અગાઉ દરખાસ્ત પણ કરવામાં આવી હતી પરંતુ હજુ સુધી આ મામલે કોઈ આયોજન થયુ નથી. થોડા સમય અગાઉ શહેરના નવા સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. શહેરના સે-૬ થી ૮ માં આંતરિક માર્ગોનુ કામ લોકડાઉન દરમિયાન અટકી ગયુ હતુ જયારે લોકડાઉન બાદ તંત્ર દ્વારા આ વિસ્તારમાં માર્ગ સુધારણાની બાકી કામગીરી પુર્ણ કરવામાં આવી હતી જયારે વરસાદી દિવસો શરૂ થતા હાલ છેલ્લા બે મહીનાથી માર્ગ સુધારણાની કામગીરી બંધ છે.

બીજીતરફ જિલ્લામાં છેલ્લા સાત વર્ષથી માર્ગ સુધારણાની કામગીરી ન હાથ ધરવામાં આવી હોય તેવા માર્ગોની દશા પણ ખરાબ છે. આવા સંજોગોમાં આગામી વરસાદી દિવસો બાદ શહેરમાં પણ મુખ્યમાર્ગોની સાથે સેકટરમાં આંતરિક માર્ગોની દશા સુધારવા માટે જરૂરી કામગીરી હાથ ધરાય તેવી માંગણી પણ સ્થાનિકોમાં ઉઠવા પામી છે. શહેરના જુના સેકટરોમાં આંતરિક માર્ગોની દશા બેઠી છે. ત્યારે વરસાદી દિવસોના અંતે આ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

સ્વર્ણિમ પાર્કમાં સ્વાતંત્ર પર્વની ઉજવણી માટે વિશિષ્ટ ડોમ બનાવાશે

રાજયકક્ષાની ઉજવણી વર્ષો બાદ ગાંધીનગરમાં થશે : સ્વર્ણિમ પાર્કમાં પ્રથમવાર ધ્વજવંદનના કાર્યક્રમને અનુલક્ષી ડોમ ,સ્ટેજ , સાઉન્ડ તેમજ લાઇટીંગની સુવિધા ઉભી કરાશે : સોશિયલ ડીસ્ટન્સીંગ સાથે ૨૫૦ વ્યકિતઓ બેસી શકે તેવી વ્યવસ્થા કરાશે

ગાંધીનગર તા ૪

કોરોનાના કહેર વચ્ચે વર્ષો બાદ રાજયકક્ષાનો ધ્વજવંદનના કાર્યક્રમની ઉજવણી ગાંધીનગરમાં કરવાનો નિર્ણય લેવાયો છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવશે. જયારે આ દરમિયાન કોરોનાન સંક્રમણને ધ્યાને લઈ સોશિયલ ડીસ્ટન્સીંગ સાથે બેઠક વ્યવસ્થા જળવાય તે માટે ખાસ ડોમ બનાવામાં આવશે. આ ઉપરાંત ધ્વજવંદન માટે પોલ તેમજ વી આઈ પી સ્ટેજ પણ ઉભુ કરાશે.

વર્ષો પુર્વે સ્વાતંત્ર પર્વની ઉજવણી ગાંધીનગરમાં થતી હતી અલબત્ત રાજય કક્ષાની આ ઉજવણી ગાંધીનગરમાં થતી હોવાના લીધે અહીંના નાગરિકો પણ મોટી સંખ્યામાં આ ઉજવણીમાં જોડાતા હતા જયારે છેલ્લા કેટલાક વર્ષોથી સ્વાતંત્ર પર્વની રાજય કક્ષાની ઉજવણી અન્ય શહેરોમાં યોજવામાં આવતી હતી. પરંતુ આ વર્ષે ગાંધીનગરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં જ આગામી તા ૧૫ ઓગષ્ટના રોજ રાજય કક્ષાની ઉજવણીનો કાર્યક્રમ યોજાશે. સ્વર્ણિમ પાર્કમા રાજય કક્ષાની ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે ત્યારે તેની પુર્વ તૈયારી માટે પણ બેઠકોનો દૌર શરૂ થઈ ગયો છે. જિલ્લા કલેકટર કક્ષાએ પણ બેઠકો મળી રહી છે. સ્વર્ણિમ પાર્કમાં અગાઉ ક્યારેય ધ્વજવંદનનો કાર્યક્રમ યોજયો નથી ત્યારે આગામી કાર્યક્રમને અનુલક્ષીને

સંબંધિત વિભાગોને પણ જરૂરી સુચના આપી દેવામાં આવી છે. અધિકારીઓએ પણ સ્થળ સ્થિતિનો અભ્યાસ કરી જરૂરી કામનુ આયોજન પણ શરૂ કરી દીધુ છે. પાર્કમાં સ્વાતંત્ર પર્વની ઉજવણીને અનુલક્ષીને ૨૫૦ જેટલા વ્યકિતઓ સોશિયલ ડીસ્ટન્સીંગ સાથે બેસી શકે તે માટે ડોમ તેમજ વી આઈ પી સ્ટેજ પણ બનાવાશે આ ઉપરાંત સ્વર્ણિમ પાર્કમાં સાઉન્ડ તેમજ લાઈટીંગ પણ કરવામાં આવશે.

શહેરી બસ સેવા અન્વયે ડેપોને પ્રતિદિન માત્ર ૫૦ હજારની આવક

અગાઉ ૧૦૦ બસોના સંચાલનના અંતે ડેપોને ૨.૫૦ લાખની આવક થતી હતી : કોરોના સંક્રમણના ભયથી અપડાઉન કર્તાઓ પોતાના વાહનોનો ઉપયોગ કરવાનુ વધુ પસંદ કરે છે

ગાંધીનગર તા ૪

ગાંધીનગર એસ ટી ડેપોમાં ચાર મહીનાના અંતે પણ હજુ રોનક જોવા મળતી નથી અલબત્ત પ્રારંભિક તબક્કે પોઈન્ટની બસ સેવા શરૂ કરાયા બાદ મુસાફરોની માંગના અંતે શહેરી બસ સેવા પણ આખરે શરૂ કરાઈ છે. ડેપો કક્ષાએથી હાલ ૫૦ જેટલી બસો શહેરી બસના રૂટમાં દોડવાય છે. પરંતુ હજુ પણ શહેરી બસ સેવાને અનુલક્ષી જોઈએ તેવો ટ્રાફિક મળતો નથી. અગાઉ શહેરી બસ સેવા અન્વયે ડેપોને પ્રતિદિન રૂ ૨.૫૦ લાખની આવક થતી હતી જયારે કોરોના સંક્રમણના ભયથી હવે ડેપોને માત્ર ૫૦ હજારની આવક થાય છે.

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા લોકડાઉન બાદ ત્રણ મહીનાના લાંબા સમયગાળા બાદ શહેરી બસ સેવા શરૂ કરવામાં આવી છે. પ્રથમ તબક્કામાં પોઈન્ટની બસો શરૂ કરવામાં આવ્યા બાદ હાલ શહેરી બસ સેવા અન્વયે રોજ ૫૦ બસો દોડાવામાં આવી રહી છે. જો કે ટ્રાફિક પુરતો ન મળતા એસ ટી ડેપો દ્વારા હાલ શહેરી બસ સેવામાં ૫૦ ટકાનો કાપ મુકવામાં આવ્યો છે. અલબત્ત અગાઉ રોજ ૧૦૦ બસો શહેરી બસ સેવામાં દોડતી હતી જયારે હવે માત્ર ૫૦ બસો જ દોડે છે. પરંતુ હજુ શહેરી બસ સેવામાં પુરતો ટ્રાફિક મળતો નથી જેના લીધે શહેરી બસ સેવાની આવકમાં પણ એસ ટી ડેપાને મોટો આર્થિક ફટકો પડયો છે.

શહેરી બસ સેવામાં અગાઉ વિશેષ ટ્રાફિક જોવા મળતો હતો. અમદાવાદ ગાંધીનગર વચ્ચેના રૂટોની બસમાં મુસાફરોને બસમાં બેસવાની જગ્યા પણ મળતી ન હતી પરંતુ કોરોના કાળમાં એસ ટી બસ સેવાનુ સંચાલન કરવાના નિયમો પણ બદલાયા છે. જયારે નાગરિકો પણ બસમાં બેસવાનુ ટાળે છે. ત્યારે શહેરી બસ સેવાના રૂટમાં ટ્રાફિક જોવા મળતો નથી. લોકડાઉન પુર્વે ગત માર્ચ મહીનામાં ગાંધીનગર ડેપોને શહેરી બસ સેવા અન્વયે પ્રતિદિન ૨.૫૦ લાખની આવક થતી હતી જયારે આજે માત્ર ૫૦ હજારની આવક જ થાય છે.

ગાંધીનગર ડેપોના સુત્રોના જણાંવ્યા મુજબ લોકડાઉન બાદ શરૂ કરાયેલી શહેરી બસ સેવામાં મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. પ્રથમ તબક્કામાં પોઈન્ટની બસ સેવા શરૂ કરાયા બાદ નોકરીયાત વર્ગ દ્વારા શહેરી બસ સેવા શરૂ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી હતી. પરંતુ શહેરી બસ સેવા શરૂ કરાયા બાદ હજુ નાગરિકો કોરોનાના સંક્રમણના ભયના લીધે પોતાના વાહનો દ્વારા જ અપડાઉન કરવાનો આગ્રહ વધુ રાખે છે. ત્યારે એસ ટી ડેપોને પણ આર્થિક નુકશાની વેઠવાનો વારો આવ્યો છે.

ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com